૫૦૯૬
૫૦૯૬
IV/૧૨ — 137

# શૂરવીર શીવાજી

## નાટકના ગાયનો.

વાંકાનેર આર્યહિતવર્ધક નાટક કંપનીને માટે.
રચીને પ્રસિદ્ધ કરનાર.

**રાવળ ત્ર્યંબકલાલ દેવશંકર.**
તથા
**ત્રવાડી ત્ર્યંબકલાલ રામચંદ્ર.**
વાંકાનેર આ. હિ. વ. ના. કં. ના. મેનેજર.

આવૃત્તિ ૧ લી. નકલ ૧૦૦૦

**અમદાવાદ.**
મામાની હવેલી મધ્યે યુનાઇટેડ પ્રીન્ટીંગ એન્ડ
જનરલ એજન્સી કંપની 'લિમિટેડ'ના પ્રેસમાં
રણછોડલાલ ગંગારામે છાપ્યાં.

સંવત ૧૯૪૮ —— સન ૧૮૯૨.
કિંમત બે આના.

ગ્રંથ સ્વામિત્વના સર્વ હક કર્તાએ સ્વાધિન રાખ્યાછે

૫૦૮૬

# શૂરવીર શીવાજી નાટકનાં ગાયનો.

**વારાંગના—** ૧

ચિત નિત ચાહુંરે, ગાવા નિગુણ સગુણ ગુણ તારા.
અમ બાળની તું વિપત વીદાર;
હર હર પ્રભુ પ્યારા, કાપે પાપ જગરાય,
સારા તારા હિતપર મારી, મનોવૃત્તિ રહેજે વારી;
જોઈ જોઈ ન્યારી ન્યારી, તારી મોહ માયા મઈ,
ચુપ થઈ, ગુપ થઈ, વિસરે સુબુધ સહી;
વિભુ એક છેક તું, ચરણ શરણ ગૃહી,
તારનાર તુજ વિણ કોઈ નહીંરે.

**શીવાજી—** ૨

મુગલ અરી ઠાર કરૂં, હાથે અસીધારીરે.
હાથે અસી ધારી કરૂં, પુરી હું ખુ ારીરે.
જ્યાં જોઉં ત્યાં જોર અરીનું,
મારૂં ઠાર ઠાર શોધી, શત્રુઓ સંભાળીરે.

**પંડિતજી—** ૩

મુગલરાજ તખ્તતાજ, છત્ર શીર ધરે;
ક્ષત્રીઓનાં નામ ઠામ, હામ સૌ હરે.
યવન ત્રાસથી આ વાર, આર્ય સૌ કરે પુકાર;
ક્ષત્રીવીર જો ભુપાળ, હોય અવની મોઝાર.

મ્લેચ્છ આગ હામ હામ, જુલ્મ શું કરે?

દાદાજી— ૪

શીવાજી શરદાર મહા, આચર્યો તેં યત્ન;
કર ઉમંગે દેશને સ્વતંત્ર નર રત્ન;
વસ્તિ વિપ્ર ગાયને સંરક્ષજે સદા,
દેવળ દુષ્ટ ભ્રષ્ટ કરે નષ્ટ કર તદા.
ઉન્નત માર્ગે પ્રેરીયો, ભવાનીએ તને;
જય થશે તન તે થકી, છે ખાતરી મને.
ટેક નેક છેક રાખી, કુળ દીપાવજે;
ઉમંગ આગ્રહ હિંમતે, અરી સંહારજે.

શીવાજી— ૫

દાદા દીલ આમ શંકા શીદ આણો,
ખરી હિંમત મુજ પરમાણો.
ધર્મ દ્વેષિને ધરા મહીંથી,
મારૂં હાર નિશ્ચે જાણો.
નીતીશાસ્ત્રનો નાશ કરે તે, કેમ જુવે ક્ષત્રી જાણો.
સજ થઇ યોદ્ધા સંગ લઇને, કરીશ પ્રેમથી પરિયાણો.

દાદાજી— ૬

શીવાજી શૂરવીર પ્યારા મારા, તત્પર થા તૈયાર,
હિંમત ધારી કર તૈયારી, જલદી તું આ વાર.
ગો દ્વીજ કેરી રક્ષા માટે, શત્રુને સંહાર;

શીવાજી—

મારૂં હાર, અહી આ વાર, યવન ભુવન સૌ બાળી કાઢું,
અવની તલથી બાર.

**સામંતો—** ૭

પ્રભુ ભારી હિંમત ધારી, શત્રુ સંભાળી,
ખંજર મારી, જખમકારી, અરીને કરીશું ઠાર.

**શીવાજી**—મુગલ મૂળ જડથી કાઢો, હિંમત ધારીરે,
ઠાર ઠાર ઠાર, ચાલો સુધીરો, સાબાશ વીરો,
ને રણધીરો, હૈયાના હીરો,
શત્રુનાં શીરો, ખુશીથી ચીરો ઠાર.

**બે મરેઠા—** ૮

લુંટો ઝુંટો તુરકને ન કામના, જગતમાં રાખીએ નામના.
મારો મોગલોની જાત, ખરેખાત, ભલીભાત,
કરો ઘાત ઉપર ઘાત, નહીં લાત વિના વાત;
આ છે શરીર શા કામનાં, તાજાં માજાં.

**વિદુષક**—કરો યવનને ચટ, ઝટ ઝટ, કરી સટ,
પટ પટ, ચાલી લટ, મારો ફટ, ભાલાં ઝટ,
ખટ ખટ, પાછાં હઠ.
કરો મુછ ઉપર હાથ, લાજ રાખે દીનોનાથ,
નહીં તો થાશે ભુંડી ભાત, વાત ઘાત થકી જાત;
બચાવીને ભલી ભાત, બધાં છોકરાંને સાથ,
ઘેર બેસો ભીડી બાથ, ( ત્રાહે ત્રાહે ) દીનાનાથ.

**રૂઘનાથ—** ૯

(શું) શાં પાપ કર્યાં મેં ભારી, હરી હાય ગતી આ શી મારી.
ભમતાં, જમતાં, રમતાં, સુખ હણી,

દુઃખ તણી, મુજ ભણી, આવી બણી;
માથે ધણી, ફરી ફરી, મુજ મતી હારી.
મુકી મરી ગઈ માત, ગયા શીર છત્ર તાત,
નથી સહોદર ભ્રાત, સુખ દુઃખ તણી વાત;
કોને જઈ કહું તાત, જોઈ આવો ઉતપાત,
પામું પુરો પરિતાપ, ઉરે અધીકો સંતાપ,
પ્યારી બેન ક્યાં હશે, મુકી રાનને વિશે;
એના હાલ શા થશે, દુઃખ પામતી હશે,
દીન રાતને વિષે, ચીત ચિંતા અતિશે.

**રૂષનાથ—** ૧૦

રંભા રૂપાળી ભાળી.
ગૌર પ્રફુલિત તન, મૃગ સમ લોચન;
મોહ મુર્છીત થઉં ન્યાળી.
કટી કેશરી શી શોભે, મુનીજન મન પણ લોભે;
નવલ યોવન મદ વાળી.
કટાક્ષ દીસેછે કારી, વીધિએ ઘડી વિચારી;
શરમ, ભરમ, મર્મ વાળી.

**સર્વે—** ૧૧

વાહ વિધાતા તુને ધન્ય, શી છબી ઘડીછે;
શી છબી ઘડીછે મારા દ્રષ્ટીએ પડીછે.
વિશાળ કપાળ ભાલ, શુરાના સમાન શોભે;
પ્રદ્યુમન મૂર્તિ અહીં, આતી શું ચડી છે.
ફરી અવતાર ભાખવા, નળ પધારિઆ શું;
ખૂબીદાર કાંતી મારા, મનમાં ખડી છે.

**રૂપનાથ—** ૧૨.

અરે મનહારીણી, મને શે પ્રાપ્ત થાયરે;
લલીત લાવણ્યવતી, છે એ લલના;
જનાર્દનની કુંવારી કન્યાય રે.
કર્મ મારાં સારાં, હોયજ ક્યાંથી;
સર્યુ સાથે, સંબંધ સંધાયરે.
કરીશ પ્રયત્ન હું, કોડ થકી તો;
થઊ ન્યાલ જો, મને એ મળી જાય રે.

**દાસીઓ—** ૧૩

બેની મારી સર્યુ વિલાસી, પ્રીતીની પ્યાસી;
ને સુખરાસી, તું—જ. તુ.
કોકીલ વેણી, ને મૃગનેણી;
શી રીતે વીસારૂં, તેને હું—જ. હું.
સુંદર એનું મુખ જોવાને;
. આવેછે ઉમંગ, ઉર આજ. શું.
સત્વર થાઉ, મળવાને જાઊ;
ચાલ જાઊં દોડી, એને કા—જ. શું.

**સર્યુ—** ૧૪

ડુબાવી મને, આપ આગારમાં;
વારી તમપરે, વદન ઉદારમાં.
આમ અબળાની, લાજ કેમ છોડીએ;
દોડીએ કેમ એમ, પ્યારના દ્વારમાં.
ધન્ય ઘડી આ, સ્નેહ આગારમાં;
ભૂલી હું સાન ભાન, વિલક્ષણ પ્યારમાં.

મુગલ— ૧૫

બસ ચલાઓ સબપર એસા હુકમ,
એસા હુકમ હમ મારેગા દમ;
ઇધર ઉધરસેં કબજ કીયા સબ,
ચુવે મરેઠેકો, કરકે જખમ.
મુગલસેં યારો ડરે ન એસા,
આલમમેં હે કોન અજબ આદમ;
અજબ હુકમ હે દીલ્લી તખતકા,
રૂવાબસેં ડરતી સારી આલમ.

રૂઘનાથ— ૧૬

ખરે પ્રેમે માગું જોડી હાથ,
સ્વામી મારારે હું ઇચ્છું તમ સાથ—ખરે પ્રેમે૦
ચાલું આજેરે, લડવા કાજેરે, (૨)
કૃપા કરી પુરો મમ આશ—ખરે પ્રેમે૦
સંગે આવુંરે કુળને શોભાવું (૨). .... . .........

શીવાજી—..............શીદ લેવા ઇચ્છે સંકટમાં ભાગ-

રૂઘનાથ—.......................... ખરે પ્રેમે૦

વચન જે આપ્યુંરે, જાએ ના ઉથાપ્યુંરે (૨)..........

શીવાજી—...............ચાલો સત્વર કરો શુભકાજ.

રૂઘનાથ—..........................ખરે પ્રેમે૦

છોકરા— ૧૭

રહો યાર સા લહેર મહેરમાં, વાત મળી કરો સૌ એની;
જુઠું બોલી કપટ ભરેલી, વાત કરે નહીં કો કેની.
ધંદા ઘરમાં કરતા ફંદા, જોઈ કુછંદા સૌ માસ;

ડરતા ફરતા ઘરમાં સૌ જન, કહેતાં રહેતાં સૌ ન્યારા
બસકરને બેટા, બારે મોટી વાતો શી;
નિત ઝગડા એવા કરવા, ખોટી વાતો શી.
હું મારીશ થપડ બોલ નહીં બસ કર બચ્ચા તું,
મારી સામે ગરબડ કાંઇ નવ કર લૂચ્ચા;
બચ્ચા મારી જો, પંજો ન્યાળી જો,
લપડ થપડ મારી જો, તું બચાજી શંભારી જો;
છોડો ઝેર વેર, છોડો ઝેર વેર; કરો લહેર મહેર. (૨)

**છોકરા—** ૧૮

રમો રાસ મળી, સૌ સંગ, કરી રંગ, ધરી અંગ;
ઉછરંગ, ને ઉમંગ.
દઈ સાથે સહુ એક તાળી, તાન ગાન તણી હદવાળી;
કરો આનંદ સંગ રંગ ઢાળી, રંગ ચંગ, કરી જંગ.
પગ પ્રહારે ધ્રુજાવો ધરતી, ચાલ ચાલો એવી મનહરતી.
• એક ઠાઠે તાળી સૌ કરતી, થાય દંગ, જોઈ રંગ;
સૌ સંગ, આ પ્રસંગ.

**રૂપનાથ—** ૧૯

નાબુદ ને કરીએ અગ નામ, રંગ ઊમંગે સંગે રણમાં;
કરશું અરીને હાર, શત્રુ લોહી પીવા પ્યાસી ક્ષત્રીની તલવાર.
ધારી ઉરમાં હામ, નહીં ખોવે ક્ષત્રી નામ, જોઈ રણનું મેદાન,
શોધી શત્રુઓ તમામ, પોચાડીશું પ્રભુ ધામ;
પકડી ગરદન મરદન કરશું, રાખી રણ મોઝાર.

**શીવાજી—** ૨૦

મ્લેછોને ઠાર મારો, મારો, મારોને મારા ભ્રાત.

ઠામથીં ઠામથી, નામથી, હામથી, આમથી તેમથી.

**સાંમંતા—**

હામ થકી અસી હાથ ધરી, અરી સંગ લડી કરશું જય આજે,
આર્ય તણો ઉત્કર્ષ કરી મન હર્ષ, ભરી ચડશું રણમાં જે,
પ્રાણ જતાં પડતિ નહીં થાય, શું થાય જતાં શીર આ ચમ આજે;

**શીવાજી**—મારો ફોડી કીલ્લો તોડી, ઝટ, ઝટ, ઝટ,

**સાંમંતા**—ભય છોડી, ચાલો દોડી;

**શીવાજી**—ઝટ, ઝટ, ઝટ, ચાલો સાથે પ્રીતી જોડી;

**સર્વ—** ૨૧

મન મોહન સુંદર છબી પ્યારી, વ્હાલાના વચન પરવારી.
શુદ્ધ પ્રેમી સાચો બાસે, તેના વિરહ થકી તન ત્રાસે,
પ્રીયતમ જ્યારે ફરી મળશે, તનમન દુઃખ ત્યારે ટળશે,
અતી આનંદ ઓઘના વળશે, નીરખીશ હું પૂરણ પ્રિત.
પરમ પુનીત, હૃદય મુદિત, ઉમંગ અમીત,
આનંદ અંકીત, થઈ રહું પ્યારી, પ્રીય વચન ઉપર જાઉં વારી.

**સર્વ—** ૨૨

ચીત ચોરીને પ્રીય પ્રાણ, પંથ પધાર્યારે;
દુઃખીયારી હું દીલ માંય, દગ્ધ થઉં દારારે.
વસંત રૂતુમાં વ્હાલ, ઉરથી આણ્યુંરે.
જુદાઈ કેરૂં મુજ જીવ, હવે દુઃખ જાણ્યુંરે.
નથી ઠરતું મન કોઈ ઠાર, ગમે ન લગાર, અંગ શૃંગાર,
વિરહની ઝાળ, હૈયામાં ફાળ,કરે તન છાર, મારૂં આ વાર;
ચાહું ન અવર ચીત માંય, પ્રેમની પ્યાસીરે.
કેમ કઠણ હૃદય કરી રહ્યા, પ્રીય પ્રવાસીરે.

**સર્યુ—** ૨૩

હજી નાવ્યા મારારે, હો વિદેશી પ્યારા.
કોલ કરીને ગયા શું ફરીને, ટેકી થયા આપ કાંત મારારે,
જીવન જાન મારી, પ્યારમાં ડુબાવી, પ્યારા આમ શું રહ્યાછો ન્યારા;
કંઠ માલ ધારી, આમ શું વીસારી,
ઘટે નહીં આમ શ્યામ મારારે.

**રૂઘનાથ—** ૨૪

આઠ જામ નૈ વીરામ, તું વીના અરે,
તું વિના અરે, તું વિના અરે;
હૃદય કાપ, વિરહ તાપ, નો સંતાપ, ચીતડું ચલે. (મારૂં.)
તને કેમ વિસારૂં તું જીવન પ્રાણ;
દીલ દમે, ના ગમે, ચીત ભમે હૃદયમાં બળે. (મારા.)

**સર્યુ—** ૨૫

પ્રીતમ તમને નિહાળું પ્યારા, આનંદ (ઉરે) ન માય મારા,
સ્નેહેથી શેવું ચરણ તમારા, "રઘુનાથ" "રઘુનાથ" છો પ્રીયે મારા;
સદાય રેજો જીવન સંગે, રંગે ઉમંગે અતિ આનંદે;
વિજય પામી વહેલા પધારો, જય કરશે જગદીશ તમારો

**સર્યુ—** ૨૬

પ્યારા નીત નીત વિરહ અપાર,
તમ વીણુ બાળે તન મન મારા;
જરત વીયોગે તનમાં ઝાળ.

**રૂઘનાથ—**

બની આજારી, પ્રાણપ્યારી, ચીત હરનારી, પ્યારી આમ

શું વિચારી, દીલમાં ધારી, નાહક ખ્વારીનું આ કામ.

**સર્વ—**

પ્રાણાધારા, છોડી પ્યારા, મુકી મને દુઃખમાઝાર;
કરી ન કાં, રે ગયાં, પીયુ. પીયુ પીયુ.

**ચંદ્રરાવ—** ૨૭

નક્કી કરૂં પાયમાલ, એને હાગથી ગોહાલ;
ગજપતિ તણો બાળ, એ છે મુજ તાબેદાર;
નક્કી કરૂં નીરાધાર રખડતો ઠાર ઠાર.
હૈયે હળાહળ ઝેર, લેવાય એ પાપીનું વેર;
કરી એનાપર કેર, પછી કરૂં લ્હેર મેર;
નામ ઠામ એનું જાય, ચિત્ત નિત્ત એમ ચાય;
જશ જોઈ એના થાય, હૃદયમાં લાગે લાય,
પ્રપંચ પુરો આ ઠાર, કપટની કરી જાળ;
બીછાવીને ઠાર ઠાર, ફસાવું એને આ વાર;
ધરી ધરી હૈયે હામ, કરી કરી એવાં કામ.
રાખું જગમાંહી નામ, રાખીને આ વાર;
કરીને એને અખમ, પાપીને પુરો જખમ.
ભુલે સાન ભાન ગમ, ખુશી થાઊ એકદમ;
રખડતો રઘુનાથ જોઈ હરદમ.

**શીવાજી—** ૨૮

ક્ષત્રીનો સમાજ આજ, કેમ થયો લીન;
ઠામ ઠામ હામ ધામ, છોડી થયા દીન.
જેસીંહરાજ ધીર વીર, શસ્ત્રમાં પ્રવીણ;

વિશ્વમાં વિખ્યાત એજ, યવનને આધીન.
ક્ષત્રીઓનું તેજ નાશ, પામતું આ દીન;
નામ્યું, પામ્યું, વામ્યું, જગમાંહી, કો નાહીં,
સૌ આહીં. અસુરને આધીન.

**જયસિંહ—**

શોચ શીદ કરો શીવાજી, રાજ દીસે જરી;
ગહન ગતી ઈશની, આ વિશ્વમાં ભરી.
રહેજથી સ્વીકારી નથી, મુગલ નોકરી;
લડતાં, પડતાં, મરતાં, સૌ હારી, થઈ ભારી,
બહુ ખ્વારી, શક્તિ સૌ હરી.

**જયસિંહ—** ૨૯

ગયા ક્ષત્રી લડી લડી ભુતળમાં.
ધર્મ સનાતન રક્ષા માટે, પ્રાણ દીધાં અરી દળમાં;
વચનથકી રજપૂત રણ ધીરા, યવન આધીન આ પલમાં.

**શીવાજી—** ૩૦

રાજન લીધો આજે કીલ્લો, ખુબ ઝપાટો મારી;
જખમ કરી અફગાનો બચ્યા, કેદ કર્યા ભયથી ભારી.
હાર વીખેરી શત્રુ કેરી, યવન ભવન સૌ બાળી;
સાવધ થઈને સામંત શૂરા, કાળ ફાળ સૌએ મારી.
શું એનાં કહેવાં વખાણ સારાં આજ્ઞાકીનાં;
આ ફતેહ, જે મારી, થઈ રેહી કાંઈ બાકીના;
સો એને, આ ઠામે, શીરપર, ભારે ઘાતો ગઈ.
મારી ઝેર, કીધો કેર, કાપાકાપી ભારે થઈ.

**જયસિંહ—** ૩૧

ન્યારા કરવા અરી મારી રણમાં,
મારી રણમાં તેવું શૂર રાખી તનમાં;
દુઃખ પડે ડગે નહીં શૂરા રણમાં,
આર્ય વસુધા રક્ષણ માટે, રજપૂત વીરા બહુ ઝુઝ્યા રણમાં.
મરતાં પડતાં અરીથી લડતાં, પાછો પગ ભરે નહી ક્ષત્રી રણમાં.
રીતી સદાયે એવી ક્ષત્રીની, ટેક કારણ પડે ત્રુટી રણમાં.

**શીવાજી—** ૩૨

ખબર પ્રથમથી પડી ન મુજને, કપટ ભરી જે આ તારી;
ભારી, તારી, ન્યારી, જારી, અજબ આ વાત જોઈ તારી.

**રૂઘનાથ—**

વચન મુખેથી વિના વિચારે, ગજબ કરે શું સ્વામી આ.

**શીવાજી—**

અરે તું, ફટતું, છટ તું, ઉઠ તું, નીકળતું જા કપટાચારી;

**રૂઘનાથ—**

કપટ કર્યું નથી સ્વામી સ્વપ્ને, બેશક જાય કદી શીર આ;
અરે આ, શીર ધા, અમથા, શીર આ.

**શીવાજી**—બસ કર પાપી પૂરા ભારી,
કતલ કરીશ આવારે તુજને, નજરથી પાપી જલદી જા;
અરે જા, ઝટ જા, ઉઠ જા, ખસ જા;

**જયસિંહ**—ગજબ કરો નહીં શીર ભારી,

**ચંદ્રરાવ—** ૩૩

આજ અપારછે આનંદ અંગે, કાજ કર્યું મેં નહીં ડરતાં;

વેર લીધું છે તત્પર રહીને, બુરૂં કામ ડરૂં ન કરતાં,
રઘુનાથજીને મેં રખડાવ્યો, હર્ષ અપાર હવે ધીયાં ફરતાં;
શત્રુ સાથે કપટ કરીને, હાર કરૂં ન અરીથી ડરતાં.

**લક્ષ્મી—** ૩૪

પ્યારા પ્રાણ થકી મારા, આ દીન દાસી તમ દારા;
રૂઘનાથ મારો બંધુ પ્યારો, એ છે પીયુ શરણે તમારા.
શરણુ ગ્રહુ તરછોડો ન સ્વામી, ઘટે નહીં આમ પીયુ મારા;
દિન દારાને તમ વિણુ પ્યારા, નથી એકે અવર આધારા.

**ચંદ્રરાવ—** ૩૫

દુર દુર રહે દુર પાપી, અહીંથી આ વાર દુર દુર;
લઇ ઢોંગ કરી આવી છે શું નીચ નાર.
જા લૂચી અહીંઆંથી બારે, ખાલી જીકર ન કર અત્યારે;
એમાં નફો શું છે તારે દુર, કરીશ તુજને હું આ વાર.

**રૂઘનાથ—** ૩૬

દુઃખનો પાર હું પામ્યો નહીં, વેરણ વીધાતા આ વારે થઈ;
બાલપણાથી માબાપ વિનાનો, સુખ સાહેબી સર્વ ગઈ.
નિર્વાહ સાધન નાશ થયાં છે, સુખ ગયાં છે સ્વપ્ને વહી;
ભગિની તણી પણ ભાળ ન લાગે, દર્શન આશ ન એની રહી.

**લક્ષ્મી—** ૩૭

પ્યારી ઉપવન તરૂઓની લતા.
મનહર સુખકર વહે સીત વાયુ
નોતમ નભચર કરત મજા. પ્યારી
કુસુમ સુગંધી સુંઘે મધુકર

દ્રાક્ષ ઘટા ધરે છટા મહીપર
ચીત હરનારૂં ઉપવન પ્યારૂં
વૃક્ષ લતા લટકે શીર પર. પ્યારી

રૂઘનાથ— ૩૮

જગપતી આ શું ચિત્ત મુજ ફરકે, જરી ન જંપે મન મારૂં,
કયાંથી એની લક્ષ્મી મારી, સ્વપ્નું આશું નઠારૂં;
ચીતમાં ચીંતા શી જાગી, સાધન સુખનાં સૌ વાગી.

લક્ષ્મી—મોંઘા સૌથી માડી જાયા, બંધુ પ્રીય મારા,
એની પ્યારી હું છું તારી, શંકા તજ પ્યારા;
ભ્રાત કુળ દીપક છો હીરા, રઘુનાથ તું મુજ વીરા.

લક્ષ્મી— ૩૯

મન મારૂં મુઝાય દુખાય, વિપનમાં ભાઈને જોઈ.
તાત તણા કુલ દીપક હીરા, રખડતો રાનમાં કેવાય.
જોઈ દશા આ તારી ઉરે મુજ, ચર ચર જરે ચીત લાય.
વદન જોઈ સુખ ના મને, સહન કરી ન શકાય.

રૂઘનાથ— ૪૦

પ્રીતેથી રીતેથી, તું એની આ ઠાર;
આપે આશીશ આ વાર.

લક્ષ્મી—કલંકને દુર કર કર અસી ધારી,
નીતી રીતી દીલમાં તું જોને વીચારી;
શું થાપે મુંઝાયે ભાઈ વાર વાર વાર.

રૂઘનાથ—

બેન પ્રીયે તું લક્ષ્મી મારી, તુજ વચનો મમશીર પર ધારી,

આધ ક્ષત્રીની રીત વીચારી, કલંક શત્રુ હણું કર અસીધારી.
**લક્ષ્મી**—સુણી તું ભાઈ મારા, રહીશ સદાયે પ્યારા,
નાશ પામો અરી નીશદીન તારા તારા.
**રૂઘનાથ**—પ્રીતેથી રીતેથી તું એની આ ઠાર.
**સર્વે**— ૪૧
હાય અચાનક આ શી વાત, અરે ઉતપાત;
આ વાર ઉરમાં ઝાળ કાળથી, થાય પ્રાણુની ઘાત.
કંપે મારૂં થર થર ગાત, કરમની વાત,
કીરતાર કષ્ટથી તાર વાર, અધનીતીને જગ તાત.
હાય સીધાવ્યા સ્વર્ગે તાત. વળી ગઈ માત.
આ ઠાર એક આધાર પ્યાર, મમ પ્રેમી તું રઘુનાથ.
સા ઓસે મમ જીવન હારા, મળી વીચારો કરત નહારા.
બળવાખોર કહેછે પ્યારા, આ શું નાથ, શરમની વાત.
**સર્વે**— ૪૨
પ્યારાને કહેજો મારાને.
ક્ષત્રીની રીતી વિચારીને સ્વામી, અસી ધરી કર અંતર્યામી.
વિજય કરો પીયુ અરીથી લડતાં, સુખી કરો આ દારાને.
સત્યનો બેલી છે અંતર્યામી, સહાય થશે તમને જગ સ્વામી.
સૃષ્ટી કરતા જન મન ભરતા કરે સુખી મુજ પ્યારાને.
**સર્વે**— ૪૩
જીવનકાજ ત્યાગુછું, ઘરબાર આજ;
પિતા સંગ છોડી પીયુ, સર્વે સમાજ.
જાવું જીવનહાર હું, કોને આધાર;
મરીશ તો, થાશે જગ, હાંસી આ વાર.

ગોસાંઈ— ૪૪

સુખસાગર સમ પ્યારી, નીરખી ન નજરે તુજસમ કો નારી;
ચિત ચીંત્તા હરનારી, સુખ કરનારી સરયુ પ્રીય મારી.
પરમ ધરમ શરમ મરમ, વાળી તુજ નીહાળી;
સ્થિર ધીર ને ગંભીર, વાણી તેં ઉચ્ચારી આજ;
ઉર ઉચિત, તુજ ખચિત, શુદ્ધ બુદ્ધીવાળી,
હૃદય તાપ શાંત થયો, મુખ મનોહર ભાળી આજ;
તુજ પ્રમાણ, વચન બાણ, છે વખાણકારી.

શીવાજી— ૪૫

સ્વામી કહોછો સત્ય વચન આ.
શૂરા સદાયે તત્પર રહીને, ખંજર ખેંચી દોડે રણ ચડવા;
સુખ કરનારા સ્વામી તમારા, સાંભળી વચનો હૃદય ઠરે આ.

શીવાજી— ૪૬

હાય હાયરે હાય લાગે, જોઇ યવનોના જુલમ;
હાય હાયરે હાય હાયે, મુજ કારીએ જખમ.
જય જય પુકાર, વાર વાર, અરી કરી જખમ;
અવની તળેથી, શોધી મારૂં, યવનનાં તુખમ.
હે વીભુ, તું કર આ વાર, રેમ નજર સાર;
આ અસીની ધાર, મારૂં અરીને ઠાર.
કરી જય પુકાર, મારી મ્લેચ્છ રણમાઝાર;
અવનીમાં ઠામઠામ, કાફર કરેછે હુકમ.
કરી હાહાકાર ભારે, વરતાવે એ સતમ;

ઠાર ઠાર, મૂગલ અરી, મારૂં હરદમ;
હીંદુ રાજ, વિજયી આજ, કરીશ એકદમ.

**શીવાજી—** ૪૭

સુણો સૌ પ્રિય પરમ આધાર, જૈ હું આવું દીલ્લી મોઝાર;
રાજ સુધારો પ્રજા વધારો, નિતી પ્રસારો આ વાર.

**સામંતો—**

દીલ્લી સ્વામી કપટી કામી, નીચ હરામી નામી;
ન જાઓ સ્વામી સૌ શીરનામી, કહીએ સૌ આ વાર.

**સઇબાઇ—** ૪૮

જરા જંપે ન મુજ પ્યારા, ન્યારા રહીને પીયુ મારા;
સબલને સાથ ભીડે બાથ, યવન સંગાથ પ્રીયે મુજ નાથ.
કુશલ રાખે સહુ આમ સાથ, નિભાવે લાજ અહો જગનાથ.
માને ના લેશ મારો ઉપદેશ, વિચાર વિશેશ કરે હમેશ;
દક્ષિણ દેશ તણો ઉદેશ, ઉરમાં એજ તર્ક હમેશ.

**દાસી—** ૪૯

સુહાગી બાઈ શોક તજો, અંબા ભવાની મા કરશે સહાય.
પ્રભુ શીવાજીછે પરાક્રમી પૂરા, જેના જસ જગમાંહી ગવાય.
તેજ ત્વરાથકી શત્રુઓ ત્રાસે, બાઇ ચીતથી તજોને ચીંતાય.
વિશ્વનો કર્તાછે સૌ દુઃખ હરતા, સત્ય બેલી સદા જગરાય.

**શંભાજી—** ૫૦

ઓ માડી આ શું બોલે, (૪) કરે આમ કેમ.
હોંશ ઘણી છે દીલ્લી જાવાને, શાને રોકોછો આમ,
ખુશી થઇને રજા આપો મને, કાતો કરૂં હું પ્રણામ;

મહારાજા સંગ જાવા મન, માતુ કહું હું સત્ય વચન.

સઈબાઈ— ૫૧

શું મુજ બાળા, મુખથી પ્યારા, વાત શી ઉચ્ચારી;
દીલ્હી જાવા પીતા તમારા, કરે છે તઈયારી.
સાથે જાશો દુઃખીયા થાશો, ખરેખરા આ વાર;
બાળક બુદ્ધી બેટા તમારી, ગયા નથી ઘર બાર.
પ્યારા તું લગાર, વાત ના ઉચ્ચાર, તું વિના આ ઠાર;
ચેનનાં લગાર, દુઃખનો ન પાર, કાંઈ મુજને આ વાર.
પુત્ર પ્યારા, મુજથી ન્યારા, જવા થયા તૈયાર.

સઈબાઈ— ૫૨

સ્વામી વિગ્રહ તજી રહો ઘેર, સંભાળ રાખોને સ્વરથાનની રે.

શીવાજી—

જાણ યવનને કરવા હું જેર, મનથી ચિંતા તજીદેને માતુની રે.

સઈબાઈ—

હજુ જોબન બાળાવેશ, બાથ ન ભીડશો બલવંતથી રે;

શીવાજી—

મા ભવાની તણો ઉદ્દેશ, ખોળી સંહારૂં અરી ખંતથી રે.
સ્વદેશ છોડાવું હું યવનથી, કરૂં સ્વધર્મ રક્ષાય;
ત્યારે મારા જીવતરનું ખરૂં સાર્થક કર્યું ગણાય.

સઈબાઈ—

સુખ સ્વપ્ને નહીં ક્ષણ માત્ર, મુજને ચિંતાની ચીતમાંબળે રે;

શીવાજી—

પ્રાણ પ્યારી તું બીરૂ સ્વભાવ, ક્ષત્રી બાળા થઈ શોક શું કરે.

અસુર યવન અવની ફરે, કરે ધર્મનો નાશ;
ખંત ધરી અરી વંશનો કરૂં, સત્વર શોધી વિનાશ.

**શંભાજી—** ५३

પીતાજી સંગે હુ આવું દીલ્હી, યાં ને રહું તમ તમવિણુ પલભર.

**શીવાજી—**

સરસ હરષ રાખી નિશ દીન અંગ, સુખ દુઃખ સૌ ફરી
હરી સહી મુજ સંગ.

**શંભાજી**—ચિત નિત નવ રહે તમ વિણુ ક્ષણુ ભર.

**શીવાજી**—ફીકર જીકર શીદ તુ કર મુજ સંગ,
હર ફર રહી ચીત નીત ધર કર રંગ, ખટપટ તજ તુજ
મમતા દુર કર.

**જીજીબાઈ—** ५४

ભવાની મા ભીડ ભાગો અમારી;
શીવાજીના વિઘ્ન સર્વે વીદારી.
બાળક છતાં બાથ ભીડીછે ભારે, રહે ચિત માંહી ચીંતા મારે;
સુઝે તમ ઓથ ફેરે આધારે.
દક્ષિણુ દેશનો ઉધાર તું કરજે, ઉત્તમ આર્ય ધર્મ માટે તું લડજે;
બેટા કદી પાની પાછી ન ધરજે.
શત્રુ તણું સાલ સત્વર ટળજો, યુદ્ધમાંહી જીત પૂત્રને મળજો;
મનોરથ દેવ હીતાર્થે ફળજો.

**બે જુવાન—** ५५

કરનાં વાર માર માર, કાઢ્ રોકું ઠાર ઠાર,
દગાખોરકું જખમ, મારીયાર તલવાર;

ગરનાં એક દીન યાર, કરો સબકું પાયમાલ,
અચ્છી અચ્છી હીંદુઓકી, ઓરતોકું રખો યાર.

**શીવાજી—** ૫૬

શું શાંત થઇનેરે, સુતો તું જગતાત.
આંખ ઉઘાડી જો જગધારારે, અસુર કરે ઉતપાત.
અવનીતલમાં યવન કરેછે રે, ગોદ્વીજ કેરી ઘાત.
આર્ય તણી સંભાળ લેવાનેરે, આળસ તજબળ ભ્રાત.

**શંભાજી—** ૫૭

જગપતી આ શી વાત, હિંદુપર આવી હદવાળી.
જદુપતી જો તું સૌ ન્યાળી, કરેછે યવન જુલ્મ ભારી;
દયા ન દીલ ધારી.
ખંડન ધર્મ તણા કરનાર, દયા ન દીલમાં ધરે લગાર,
જુલ્મ કરી રજપુત બાળા, રાખે ઘર બુરૂં કરનારા;
નાબુદ થે ક્ષત્રીનું નામ, શું અવનીથી નાઠું આમ,
આવીશું ઉર ધારી.

**વારાંગના—** ૫૮

હળી મળી સંગ રંગ મચાવો આજ.
જુઓ સંભાળી દેઈ તાલ ચાલ ચાલો, ઠમ ઠમતી,
ધમ ધમતી, દીમ દીમ, વાગે આ રંગીલા સાજ.
અપાર આનંદ લાવી, ચોતાલ જે મન ભાવી,
ધાકીટતક, ધુમકીટતક. લગાવો નાદ.
રાખી હર્ષ ઉર, જમાવો સમ સુર, વાધે રસ પુર;
વ્યાપીયુંછે શુર, હાંસનો અંકુર, (દીપી) ખીલી રહ્યું નુર;

સાસાસાનીનીધ, નીનીનીધધપ, ધધધપપમ,
પપપમમગ, મમમગગરે, ગગગરેરેસા.
ક્રીટક્રીટક્રીટધા, ક્રાટક્રીટક્રીટધા, સનનનઝુમ,
સંભળાએ સાદ, હળીમળી સંગરંગ મચાવો આજ.

શીવાજી— ૫૯

મને દીલ્હી બોલાવીને, દગો દીધો દગો દીધો.
વળી વાળ્યો વચન દઇને, દગો દીધો દગો દીધો.
કર્યું અપમાન તેં આ વાર, હવે બાદશાહ થજે તૈયાર,
લઇશ બદલો હું તો નિરધાર.
કપટથી ચપટ થશે તારૂં, હવે નહીં હામ હું હારૂં;
સમય સાધી વિઘ્ન વિદારૂં.
તખત દીલ્હીનું ડોલાવું, તાજ રજમાંહુ રોળાવું;
જય આર્ય કેરી બોલાવું.

શીવાજી— ૬૦

માન્યુ ના લેશ મેં. તમ કહેલું તે સમે.
હાય, હાય, થાય, થાય.
કર્યો ન વિચાર સાર, દીલમાં કાંઇ લગાર,
આ ઠાર આ વાર થાય, ઉર માંહી ઝાલ;
ક્રોધ કાળ, ભારે ફાળ, તન ઠરે ન લગાર મન,
કેદમાં આ વાર તન સુઝે ન સાર વીચાર.
હાય, હાય, થાય, થાય.
તું માન, આ માન, હેવાન, નકાન, નેસાન,

બેભાન, નાદાન, સુલતાન,
છળ કરતો, બળ કરતો, આ નરતો.
નથી ડરતો, તું ખરતો, શું કરતો;
કેદ કર્યો, કપટ જાળ, સિંહ બાળ, ને આ વાર,
હાય, લાય, થાય, થાય.

સ્વામી— ૬૧

જે ઇષ્ટ તણી પુજા, બાલ્ય કાળથી બહુ વીધી હું કરૂંછું,
શીર તે સારૂ સમર્પ્યું, તોયે તેની અ કૃપાથી ફરૂંછું;
એ અકૃપાની શાંતી, વાસ્તે વ્રત મેં વિકટ ગૃહણ કીધું;
પ્રવાસ કરી દેશોમાં, કરવા ઇષ્ટ પ્રસન્નતા નીમ લીધું.

શીવાજી — ૬૨

રે પ્યારો રઘનાથજી મારો, એનો કર્યો મેં અન્યાયઅતીરે;
શુરવીર ધિરવંતને સાચો, નીર્દોષીની મેં કરી દુર્ગતીરે.
પસ્તાવો હવે પૂરણ થાયે કર્મ કરી મુજ થઇ કુમતી રે;
કરી નજર તુજપર ઝેર, ભરી શું ક્રોધ, વીવસ મમ બુદ્ધિ ફરી.
સુખ સાધન સૌ તવ લીધાં હરી, દિલ સાર વિચાર કર્યો ન જરી
ઉલટી વિપરીત ક્રીયા મેં કરી.
મુજ ચર ચર છાતી જરત અતી રે.

રામસિંહ— ૬૩

વચન પાળ્યું વિર મુજ પીતાજીનું અહીં;
શોચ સ્વરૂપ માત્ર શીવાજી કરો નહીં.
વિનવતાં ન માન્યું, ક્રુર અહતણા બર્યો,

જરૂર ઉર જણાય, દીવસ તેહનો ફર્યો;
દગો દીલ્લીશાહે કુટીલતા થકી કર્યો.
ધીરા, વીરા, હીરા, શીર આપું, સંગ આપું;
લઇ ભાલુ, રહાય થઊ સહી.

**બધાં સાથે—** ૬૪

કરવા અરીનો સંહાર રે, ચાલો સ્વદેશ જઈએ;
દક્ષિણમાંથી યવન અરીને, શોધી શોધીને મારૂં ઠાર રે
આર્યતણો ઉધાર કરીશું, ઈશતણો આધાર રે;
કરો તૈયારી છૂપી સવારી, છોડો દીલ્હીને આ વાર રે.

**બધાં સાથે—** ૬૫

સ્વયંભુ સંકટ સર્વે હરો,
પ્રભુ આર્યનો ઉધાર કર, ગિરીજાપતી મહામતિ;
તુજ કૃતિ, જગ છતી, છે અતી ગિરીપતી.
સત્ય નીસ સદાય અવની તલભરો;
નૃપરાજ સધ શીવાજી કેરો, જય કરો, ભય હરો.
દુર કરો, અરી કેરો, ક્ષય કરો, ચીત ધરો;
અલ્પ આજ અમારી વિનતી ઉર ધરો.

**શીવાજી—** ૬૬

તને શાબાસ બંધુ આ વાર, લીધી મુજ સાર કરી પ્યાર ઉપકાર.
અસી કર માંહે ધરી, સંકટમાં સાય કરી;
ધન્ય તુજ સીતાપતી, ચિત્ત વૃતિ શુદ્ધ મતી.
વાર વાર જોઉં ન્યારી, સીતાપતી હદવાળી;

મારી તેં ફાળ, કરી સંહાર, મુજ અરીનો આ ઠાર.

**સીતાપતી—** ૬૭

પ્રભુ પ્રાર્થના કરૂં હું શેવક શીરનામી,
વપુ કેરી વીપતી હવે મને વીરામી;
આપનો કનીષ્ટ દાસ જીવું આપ કાજે,
દોશની ક્ષમા કરો પ્રભુ આણી મેર આજે.
દયા હમેશ આપની હું આપ પાસ માગું,
શેવા સ્વામીના શીવાય સરવ વાત ત્યાગું
જય કરો જગદીશ મુજ ઇશ હે શીવાજી,
દક્ષિણુ દેશ જીતી કરો આર્ય સર્વ રાજી.
જાનકીનાથ કે સીતાપતી ન જાણો,
રંકછું રૂઘનાથ વાંકમાં હુતો પ્રમાણો;

**શીવાજી—** ૬૮

રૂઘનાથજી રૂણુદાર હું, તારો નહીં મટનાર;
તારો નહીં મટનાર, મુજ દેહ રક્ષણુ હાર.
અન્યાય તારો અપાર મેં, કીધો છે મુજ ભ્રાત;
માફ કરજે મને વિરા. વિસારી સર્વ વાત.
પસ્તાવો થાય મને ઘણો, ભાઇ નહીં ભુલું પેર;
જીંદગી સુધી તને જાળવું, પ્રીય બંધુની પેર.

**શીવાજી—** ૬૯

**શોધીને અવનીથી અરી મારૂં, નિડર અરી સૌ ફરત હરત જોઈ;**
**અંગ જરત આ મારૂં, દીલ્હી નગર મુજ ભુજથી તોડી,**
**અનહદ હદ કરીવાળું;**

આલો સત્વર સ્વદેશ જઇને, મ્લેચ્છ બીજ પરજાળું.

સયું— ૭૦

આપોને પ્રીયપ્રાણ, દર્શન આપોને રે, દાસીપર કરીને કૃપાય.
જાપ જીભલડીએ તમારો જપુંછું, વહાલા વિરહાગ્નીથી હું તપુંછું;
ઘેલછા માંહી ખપુંછું.
નિશાનાથ સીતલતા પસારે, તેમ હૃદયનાથ આવો આ વારે;
જીવુંછું જીવન આધારે.
શટ રૂતુઓ તણી, ખુબીયો નીહાલી, વિરહ દશામાં વિશેષ પ્રજાળી;
હાય દુઃખે હૃદવાળી.

સયું— ૭૧

પિયુ નથી ભુલી તમને ન કાંઈ, દુઃખ વાદલ આ આવેશું સંધાઈ.
મમપ્યારી, છબીતારી, સંભારીહુંહારી, તનમનધનમગસો લુંટીશું પ્યારી.
વીસારી.
સુવા વખતમાં જનગ સંયોગી,
પિયુ પ્રવાસી શું મન ભોગી;
ચિત્ત હારે, નિત બારે, દીલ મારે, દુઃખ ભારે,
વિરહ સતાવે નિશદીન મુજ પ્યારા ઓ મારા.

છોકરીઓ— ૭૨

રૂવેછે શું બેન રૂવેછે શું, ખમા ખમા તને થયું આશું,
વિનોદ વાતો કરતી હતીને, મોઢાનું નૂર પૂર ઉડી ગયું.
રઘુનાથનું શું નામ સાંભળતાં, ઘેલી થઈ આગ પડીશું તું.
સાવધ થઇને શાણી તું સયું, કારણ આ સહુ કહેનીરેનું.

સર્બુ ૭૩

સતાવો તમે પ્રિતમ મને શું કરવા;
મને શું કરવા, મને શું કરવા.
ક્ષણે ક્ષણે મમજીવન પ્રાણ, ધ્યાન ધરી નિરખું નિરવાણ;
પ્યારા તમ નામ, જપું આઠે જામ,
વિ. સા. રી. શું. પ્યા. રા. આ. દા. રા.
આ. મ. ર. હી. ને. ન્યા. રા.
સર્બુ—રહી વદન પર મોઈ, નયને જોઈ,
પ્રીતમ પ્યારા પ્રેમ તરંગે, લેહેરે ચીત લલચાય,
રૂપનાથ—સુંદર વચનો આ તવ રાગા,
સર્બુ—અંગે અનંગ ઉભરાય.
મન હરનારી, સુરત પ્યારી, જીવન રેણું જોઈ,
રૂપનાથ—પ્રાણથી પ્યારી, આ છબી તારી;
સર્બુ—સ્વામી ન તમ સમ કોઈ.
સૌ દુઃખ વામી, સેજે હું પામી, સ્વામી સુખના આગાર,
રૂપનાથ—
તું મન માની, છો દીલજાની, પ્યારી તું પ્રાણ આધાર.

ઓફરીલું— ૭૪

વીવાતે વિગતે વરણવું, ગુણ નાયક ગુણ નીધી દેવ,
ગીરી સુતા સુત ચરણની, કરીયે નિરંતર સેવ;
બેઠા મંડપમાં વર રાયરે, કન્યા ઉરે ઉમંગ ન માયરે,
નર નારી તે મંગળ ગાયરે, કન્યાદાન પ્રિતથી દેવાયરે;

આનંદ ઉત્સવ આજનો, મળી માનુંની મંગળ ગાય,
હેતે હળી મળી આવતી, હૈયે હરખ ન માય;
વિપ્રોવેદ ઉચ્ચારો કરતારે, વર કન્યાનાં વિઘ્નો હરતારે,
રહી આનંદની લેર જામીરે, સુંદર સ્વામી રીતે સર્યું પામીરે.
મન હરણુ મુખ અરૂણુ સમજે, તરૂણુ વય વરરાય,
ધન્ય ધન્ય દીન ઘડી આજની, સર્યું સુહાગી થાય;
રામા મન ગમતી ચાલ ચાલેરે, ચીત હરતી પીયુ સંગ માલેરે,
શરણુ જગતારણુ તને નમીયે નીરંતર નાથ;
દ્રષ્ટી કરો દંપતીપરે, સુખી રહે સૌ સાથ.

**જમનાં—** ૭૫

મેં તુજ સમરે જોઈ જગમાં નહીં,
પતિવ્રત નારી, તુજને ભાળીરે, સર્યું સ્નેહ મઈ;
હિંમત્ત તારી, પતીવિણુ પ્યારીરે, ઇચ્છા અવર નહીં;
તું જગ તારા, દુઃખ હરનારારે, દંપતી સુખકર સઈ;

**રૂપનાથ—** ૭૬

ધન્ય ઘડીઆજ આનંદકારી, ઇંદુમુખી પ્રીયા તુને નીહાળી.
**સર્યું—**પ્રાણુપતિ મને કીધી આભારી, અંતર યામી છે વિનંતી મારી;

દુર જશો નહીં પ્રીતમ પ્યારા,
**રૂપનાથ—**આનંદ અંગ વધે પ્રીય મારા.
**સર્યું—**સેવું સદા નીજ ચર્ણું તમારાં,
**રૂપનાથ—**વીનય વાકય તારા દીલદારા, તું પ્રીય પ્યારી;
**સર્યું—**તમપર વારી.

**રૂપનાથ**—ઇંદુમુખી,

**સર્વે**—કીધી સુખી.

**રૂપનાથ**—પ્યાર વધારી દે સુંબન પ્યારી,

**સર્વે**—શું સરમાવી, કરો આભારી.

**રૂપનાથ**—ચાલો આવા રે, સર્વે.—હર્ષ વધારે.

**શિવાજી**— ૭૭

દુષ્ટ ચંદ્રરાવ દગાબાજ, નફટ ફટ ફટ તુંને રે;
તારૂં કપટ પ્રગટ થયું આજ,
નીચ નીંધ તું નીમકહરામ;
કર્યું કમજાત કનીષ્ટ તેં કામ,
મારા પ્રીય નિરદોશી વીર શીર;
દોષ દાખવીયો કરી તદબીર;
શઠ તેને તે કરાવી શિક્ષાય,
ભારી ખેદ ક્રોધ તેથી મને થાય.
પાપી રાજદ્રોહી આપી બાતમીજ,
રૂદ્ર મંડળની ચડાઇ તણીજ.
ઘણા વીરનો નીકળ્યો તેથી ઘાણ,
કર કાપી લઉં તારા તુર્ત પ્રાણ;

**લક્ષ્મી**— ૭૮

કરીને દુઃખીયારી દારા, પ્રયાણ શું કરી ગયા પ્યારા;
નાથજી નિરાધાર કીધી, તમે શા દોષે તજી દીધી;
ઓથ આજની પરથી અલગી થઈ, ટેકો ગયો છૂટી,
શીર છત્ર સીધાવ્યા સ્વર્ગે, અબળાને લુંટી.

વહે નેત્રથી નિરધારા, નાથ કયમ કરૂં કદી ન્યારા,
શા સારૂ સાથે નવ લીધી, દયા શું દીલથી ગઈ;
ઉતાવળ કીધી કયમ આપે, દંપતી સુખ તજી દઈ;
આવું ગેરૂદમ ભવ તારા, નાથ મુજ જીવન આધારા.

**લક્ષ્મી—** ૭૯

ડુબાવી ગયા જીવનહારા, દુઃખમાં પ્યારા, હા. મુકીને આધાર;
દયા ન આવી મન વિષે, થતાં પ્યારા ન્યારા; હા. મુકીને આધારા.
અવર નહી આધાર મુજને, તમો વિના હે નાથ, શું તોડ્યો
ગારો સાથ;
અપરાધ શું દીઠો મારામાં, વિસારી પ્યારા હા. મુકીને આધારા
સુદ્ધાંત:કરણે શેવા કીધી, અપાર શીસનામી, છતાં તજી સ્વામી;
કઠોર હૃદય કરીને પીયુ, સીધાવ્યા પ્યારા, હા. મુકીને આધારા.

**લક્ષ્મી—** ૮૦

રૂઘનાથજી વીરા, સત્વર સતી હવે હું થાઊછું.
**રૂઘનાથ—** મુજ લક્ષ્મી બેની, તારા વિચાર થકી મુંઝાઉછું.
આ અવનીમાં માત તાતકે, ભીડભંજન નથી ભ્રાત;
માજાઈ માત્રનું મહીતલમાં, બેની બોલ્ય નહીં વાત.
**લક્ષ્મી—** વીરા વિશ્વ વિશેથી મારૂં, છત્ર થઈ ગયું ભંગ;
જીવીશ નહીં હું જરૂર રજાદ્યો, સ્વર્ગે સ્વામી સંગ.
**રૂઘનાથ—** બેની એકલડો બંધુ હું છું, દયા આણ દીલમાં;
આજ્ઞા તારી શીર ઉઠાવી, ડુબીશ નહીં જરાય.
**લક્ષ્મી—** વીરા વ્યર્થ તમારાં વચનો, સતી નહીં કરે સ્વીકાર;

પતિથી અતી અંતર ન પડાવો, વાર થાય દુઃખકાર.

**લક્ષ્મી—** ૮૧

કર જોડી કર ગ્રહીને વિનવું જીજી, રે રૂગનાથ જી પ્રિયભ્રાતા,
અંતરાય આ વખત તમારો, દીલ મારાને દુઃખ દાતા.
મારા સ્વામીજી સ્વર્ગે સીધાવ્યા જીજી, સઘજાવ તેમની સંગે,
વેગળું પડે વિલંબ કર્યાથી, આયુસ્ય ન ચાહું આ અંગે.
વિનાપતી સતી ન દેહધારે, અવર વદો ન આવારે,
તૈયારી કરવી ઘટે તમારે, હવે વીલંબ કરો નહી રે ભ્રાતા.

**લક્ષ્મી—** ૮૨

જન રહો સુખી ચિત્ત નિત્ત ભુમોઝાર;
વીર પ્રસવની સતીયો નારી,
થાશે વસુધામાં, સુધર્મ ધારી,
નિતીમાં રીતીમાં રહેશે પ્રજાપાળ.
વીર પેશવા, વંશ પ્રગટશે,
મ્લેચ્છ પ્રબલ દલ તેથી હઠશે;
જય થાશે બોલાશે, આર્યનો તેણી વાર

**બધાં સાથે—** ૮૩

શુભ કરો મતી, માત ધન્ય તું સતી,
સલ સુધાદાસ ઉરભરો, કષ્ટ નષ્ટ માત. સો હરો,
આ અનાથ, સર્વ સાથ, જોડે હાથ, માત તું પ્રતિ.
આર્ય પ્રજા જાણી તુજ બાળ, સઘ માત સે એની સંભાળ,

સર્વ આજ, હીંદુ રાજ નો સમાજ, જામે જગ અતિ.
દ્રષ્ટી રેમ શ્રષ્ટીપર કરો,

શીવાજી—અલ્પ આ વીનંતી ઉર ધરો;
યવન ક્રુર, કરતું ચૂર, આશ ઉર, પુરતું સતી.

લક્ષ્મી—યવન બીજ નાશ પામશે, શીવાજી રાજ તારૂં જામશે;
તુજ અરી, લય કરી ભય હરી, કરશે જગપતી.

લક્ષ્મી— ૮૪

અગ્ની ઉત્પન કરો, જગદીશ જાચું.
સ્વર્ગે સીધાવ્યા. સ્વામી, સતી થઉં સહગામી;
વિરહ વીપત વીરામી, સુખ ચાહુ સાચું.
પ્રભુ સમ પુન્ય પતિ, સહાય નિર્મળ મતી;
સધ કરો સદગતી, હૃદયે હું રાચું.
અંતર્યામી તું આજ, કરજે કૃપાનું કાજ;
અબળાની રાખો લાજ, અવર ન વાંચું.

બધાં પાત્રો.— ૮૫

પ્રભુ મેર રાખીયે, દીન વાણી ભાખીયે;
મળી સહુ મીત્રનો સમાજ.
દયા દીલ દાખીયે, ક્ષમા ઉર રાખીયે;
શ્રવણ કરી વીનંતી આજ.
શુભ ફળ માગીએ, દોશ સહુ ત્યાગીયે;
ચાહે ચીત મોક્ષ પદ કાજ.
આજ. આજ. આજ. આજ. આજ.

થયો ખેલ પુર્ણ તુજ કૃપા થકી,
વાધ્યો હર્ષ આનંદ ઉરમાં અતી;
અરે પ્રેમે વંદીયે જગતપતી.

સમાપ્ત.

# જાહેર ખબર.

અમારાં પાસેથી નીચે મુજબ કિંમતની ગાયનના ઓપેરાની ચોપડીઓ બાહાર પડી છે તો જે જે સાહેબોને જોઇતી હોયે તેને રોકડે પૈસે વાંકાનેર આર્ય હિત વર્ધક નાટક કંપની પાસેથી મળશે.

| | કિંમત. રૂ. આ. પા. |
|---|---|
| હરિશ્ચંદ્ર નાટકના ઓપેરા. | ૦—૨—૦ |
| ગોપીચંદ નાટકના ઓપેરા. | ૦—૨—૦ |
| કેદારસિંહ પરમાર નાટક ઓપેરા. | ૦—૨—૦ |
| સીતા સ્વયંવરના ઓપેરા. | ૦—૨—૦ |
| ભર્તૃહરી નાટકના ઓપેરા. | ૦—૨—૦ |
| ચાંપરાજ હાડાના નાટકના ઓપેરા. | ૦—૨—૦ |
| માહારાણા પ્રતાપસિંહના ઓપેરા. | ૦—૨—૦ |
| અભિજ્ઞાન શકુન્તલા નાટક ઓપેરા. | ૦—૨—૦ |
| શુરવીર શીવાજી નાટકના ગાયનો. | ૦—૨—૦ |
| દીવાળીદુ:ખદર્શક ફારસના ઓપેરા. | ૦—૧—૦ |

એ રીતે પુસ્તક અમારી પાસેથી મળશે તથા વાંકાનેરમાં રા૦ રા૦ વકીલ કેશવજી દેવનંદ પાસેથી, વઢવાણ શહેરમાં ત્રવાડી જેશંકર મોરારજી પાસેથી, મોરબીમાં રા૦ ભટ્ટ ચકુ વિ. જુડા, તથા રા. સોની પોપટ વિ. ભગવાનજી પાસેથી. અમદાવાદમાં કૃપાશંકર ગંગાશંકર મહેતા ઠે. પંચભાઇની પોળમાં, પાટણમાં રા. રા. દશરથલાલ ગંગારામ તથા પાટડીમાં રા. રા. વેલાજી રણછોડદાસ પાસેથી, તથા વડોદરામાં પંડયા જમનાશંકર દોલતરામ પાસેથી એ રીતે મળશે. વિનંતી.

ગ્રંથકર્તા.